GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ગુજરાતમાં ખાદ્ય અને બિન ખાદ્ય પાકોનો અભ્યાસ

**Dr. Jignesh Kauangal, Ms. Falguni Vasava**

Shree Narayana College of Commerce,
Satellite, Ahmedabad 380015,
Gujarat, India

Research Scholar,
Department of Economics,
Gujarat University,
Ahmedabad 380009, India

## *ટૂંકસાર*

*ગુજરાત "ભારતનું ગ્રોથ એન્જીન" છે. જે "ગ્રીન રિવોલ્યુશન"માં બીજા સ્થાને અગ્રેસર રહેલા ગુજરાતે 9.6% નાદરે કૃષિ વિકાસ દર હાંસલ કર્યો છે અને ભારતમાં કૃષિ વિકાસના ક્ષેત્રમાં આગવું સ્થાન બનાવ્યું છે. ગુજરાત એક વૈવિધ્યસભર કૃષિ અર્થતંત્ર છે. રાજ્યની કૃષિ અર્થવ્યવસ્થાએ ઓછા મૂલ્યના અનાજ અને અન્ય પાકોમાંથી કપાસ, મગફળી, ફળો, શાકભાજી, મસાલા જેવા ઉચ્ચ મૂલ્યના પાકો તરફ પરિવર્તન થયું છે. ગુજરાતમાં 2004-05થ 2019-20 સુધીના સમયગાળા દરમિયાન ચોખ્ખા સિંચાઈ વિસ્તારમાં આવેલા પરિવર્તનના પરિણામે ખાદ્ય અને બિનખાદ્ય પાકોના ઉત્પાદનમાં આવેલા પરિવર્તનનો અભ્યાસ પ્રસ્તુત સંશોધન પેપરમાં હાથ ધર્યો છે.*

***ચાવીરૂપ ની શબ્દ :*** *અનાજ (ચોખા ,ઘઉં ), ચાવીરૂપી શબ્દો : ખાદ્ય (ચોખા અને ઘઉં) બિન ખાદ્ય પાક (શેરડી અને કપાસ) અને ચોખ્ખો સિંચાઇ વિસ્તાર.*

## પ્રસ્તાવના

વેપારીઓની ભૂમિ, તકોની ભૂમિ તરફની પ્રારંભિક યાત્રા... – ગુજરાત....... ગુજરાત વ્યૂહાત્મક રીતે 1,600 કિલોમીટરના ભારતના સૌથી લાંબા દરિયાકિનારા સાથે સ્થિત છે અને સમૃદ્ધ જમીનથી ઘેરાયેલા ઉત્તર અને મધ્ય અંતરિયાળ વિસ્તારોમાં કુદરતી પ્રવેશદ્વાર તરીકે કાર્ય કરે છે. ગુજરાત તેના દરિયાકિનારા, મંદિરોના નગરો, ઐતિહાસિક રાજધાનીઓ, વન્યજીવ અભયારણ્યો, પહાડી રિસોર્ટ્સ, શિલ્પો, હસ્તકલા, કળા અને તહેવારો માટે જાણીતું છે.

ગુજરાત ભારતના સૌથી વધુ વૈવિધ્યસભર રાજ્યોમાંનું એક છે. તેનો ઈતિહાસ જૂની હડપ્પા સંસ્કૃતિથી લઈને મુઘલ કાળ સુધીના લાંબા વર્ષો સુધીનો છે. ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરંપરાઓ સાથે રાજ્યને ગૌરવ અપાવતી ગુજરાતની મૂળથી પાંખો સુધીની અનંત યાત્રા કાલાતીત છે. ગુજરાતના વૈવિધ્યસભર અને ગતિશીલ રાજ્યનું ભારતના સાંસ્કૃતિક પાસામાં મહત્વપૂર્ણ યોગદાન છે. ગુજરાતીઓની નિર્ભેળ સાદગી અને સૌમ્યતાએ તેમને એક સમૃદ્ધ સમુદાય બનાવ્યો છે. ગુજરાત રાજ્ય જીવંત કલા, સ્થાપત્ય, સંસ્કૃતિ અને વારસો ધરાવે છે; જે તમામ સ્થાનિકોના રોજિંદા જીવનમાં તદ્દન સ્પષ્ટ છે. ગુજરાત દ્વારા પ્રદર્શિત વિવિધતા એ ગુજરાતની વસ્તીનું નિર્માણ કરતા વિવિધ વંશીય જૂથોનું પરિણામ છે; જેમાં ભારતીય અને દ્રવિડિયન જૂથોનો સમાવેશ થાય છે.

https://www.gapbhasha.org/

આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક વિકાસના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત ભારતનું ગૌરવ છે અને રહ્યું છે. તે તેની ગતિશીલતા અને ઉદ્યોગસાહસિક ભાવના માટે ઓળખાય છે. તે ભારતના અગ્રણી ઔદ્યોગિકમાંનું એક છે અને વૈશ્વિકીકરણની ગતિને પહોંચી વળવા ભારતની ઝડપથી બદલાતી વ્યાપાર ગતિશીલતામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

## સમસ્યા કથન :

ભારતમાં કૃષિ ક્ષેત્ર આજીવિકાનો સૌથી મોટો સ્ત્રોત છે. દેશ વિશ્વમાં કૃષિ અને ખાદ્ય ઉત્પાદનોના સૌથી મોટા ઉત્પાદકોમાંનો એક છે. 2021-22માં, ભારતનો કૃષિ ક્ષેત્રનો વિકાસ દર અગાઉના વર્ષના 3.6%ની સરખામણીએ 3.9% રહેવાનો અંદાજ છે. દેશમાં ચોખા, ઘઉં, કઠોળ, તેલીબિયાં, કોફી, શણ, શેરડી, ચા, તમાકુ, મગફળી, ડેરી ઉત્પાદનો, ફળો વગેરે જેવા ઘણા પાકો અને અનાજનું ઉત્પાદન થાય છે.જ્યાં ગુજરાતનું ચોમાસું ટૂંકું (ત્રણેક માસ) મુદતનું ગણાય છે. રાજ્યમાં સૌથી ઓછો વરસાદ કચ્છમાં 340 મિમી. અને સૌથી વધુ વરસાદ ડાંગનાં જંગલોમાં 1,780 મિમી. પડે છે. ચોમાસું બહુ જ અનિયમિત હોય છે. દર ત્રણ વર્ષે એકાદ દુષ્કાળનું વર્ષ જોવા મળે છે. ગુજરાતની પ્રજા મોટે-ભાગે શાકાહારી છે. માથાદીઠ માસિક અન્ન-વપરાશ 12 કિગ્રા. છે.દેશ માં કૃષિક્ષેત્રે થયેલી પ્રગતિ સાથે માનવ વસ્તી જે વર્ષ 2011 માં 121 કરોડ હતી તે 2022 માં 139.34 કરોડ જેટલો વધારો જોવા મળે છે.વધતી જતી વસ્તી પાણી અને અન્નન ની માંગ વધારો લાવે છે જેની સામે વસ્તુઓની અછત હોવા ના કારણે ભૂખમરા અને અન્ય પરીસ્થિતિ સર્જાય શકે છે. તેથી ચોખ્ખા સિંચાઈ વિસ્તારમાં આવેલા પરિવર્તનના પરિણામે અનાજ અને બિનખાદ્ય પાકોના ઉત્પાદનમાં આવેલા અભ્યાસ ફરફારો નો અભ્યાસ કરવા માટે આ વિષયની પસંદગી કરી છે.

## સંબધિત સાહિત્યની સમિક્ષા :

પવાર વંદના કે. અને કલમકર એસ. એસ(2020) : આ અભ્યાસ ગુજરાત રાજ્ય પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને ભારતમાં કૃષિ વૃદ્ધિ અને ઉત્પાદનના વલણો અને પેટર્નનું વિશ્લેષણ કરવાનો હતો. તે સારી રીતે સાબિત થયું છે કે નવી અને સુધારેલી ટેક્નોલોજીએ ટૂંકા ગાળામાં ખાદ્ય ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો હાંસલ કરવામાં ભારતને મદદ કરી અને 1980ના દાયકાની શરૂઆતમાં દેશને ખાદ્ય આત્મનિર્ભરતા હાંસલ કરવાની નજીક લાવ્યો. જો કે, તાજેતરના વર્ષોમાં નોંધાયેલ કૃષિની ધીમી વૃદ્ધિ નીતિ નિર્માતાઓમાં ચિંતાનો વિષય હતો, કારણ કે કૃષિ વૃદ્ધિએ ગ્રામીણ રોજગારમાં સુધારો કરવા, ગ્રામીણ ગરીબી ઘટાડવા અને અર્થતંત્રમાં સ્થિરતા લાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. ગુજરાત ભારતના સૌથી ઝડપથી વિકસતા રાજ્યોમાંનું એક છે. છેલ્લા ત્રણ દાયકામાં ગુજરાતની કૃષિમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. પરિણામો દર્શાવે છે કે સમય જતાં મુખ્ય પાકોના કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે.

ઇતિશ્રી સાહા અને અમિતા(2015) : ગુજરાતની કૃષિની વૃદ્ધિની વાર્તા (તાજેતરના તબક્કામાં લગભગ 10 ટકા વૃદ્ધિ દર સાથે) પર નોંધપાત્ર ધ્યાન આપવામાં આવ્યું છે અને અન્ય રાજ્યો માટે તેને અનુસરવા માટેના રોલ મોડેલ તરીકે ઘણી વખત પ્રશંસા કરવામાં આવે છે. આ સંદર્ભમાં, તેથી આ ઉચ્ચ વૃદ્ધિ પ્રદર્શનમાં ફાળો આપતા મુખ્ય પરિબળોની તપાસ કરવી મહત્વપૂર્ણ છે. આ પેપર કિંમત, વિસ્તાર, પાકની પદ્ધતિ અને ઉપજના સંદર્ભમાં વિઘટન વિશ્લેષણ હાથ ધરીને આ પરિબળોને ઓળખવાનો પ્રયાસ કરે છે. વિઘટન વિશ્લેષણ સૂચવે છે કે એકલા કિંમતની વ્યક્તિગત અસર સમય જતાં ઉપજની અસરમાં ઘટાડો સાથે વધી છે.જે 1990 ના

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

દાયકા દરમિયાન ભાવ-ક્ષેત્રની ક્રિયાપ્રતિક્રિયાની અસર નકારાત્મક હતી તે તાજેતરના તબક્કામાં હકારાત્મક હોવાનું બહાર આવ્યું છે. એ જ રીતે, ઉપજ અને ભાવની ક્રિયાપ્રતિક્રિયા તાજેતરના તબક્કામાં હકારાત્મક બની છે. આનો અર્થ એ થાય છે કે મોટાભાગના પાકો કે જેના માટે ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે તે ઉપજ અને વિસ્તારમાં અનુકૂળ ફેરફાર દર્શાવે છે. વધારો, ઉપજ અને વિસ્તારમાં અનુકૂળ ફેરફારો દર્શાવે છે.

નીતી માથુર અને એસ.પી કશ્યપ(2004) : આ લેખ ગુજરાતમાં હરિયાળી ક્રાંતિ પહેલાની અને પછીની કૃષિની આંકડાકીય રૂપરેખા પ્રદાન કરે છે. જે 1961-93માં પાકની પદ્ધતિ, જમીન અને શ્રમ ઉત્પાદકતા અને ઇનપુટના વપરાશમાં ફેરફારનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. બિન-પરંપરાગત બિન-ખાદ્ય પાકોની તરફેણમાં પાકની પદ્ધતિ બદલાઈ રહી છે. ગુજરાતને કૃષિમાં ઉત્પાદકતા વધારવા માટે ટકાઉ સંસાધનોના ઉપયોગ માટે માળખાકીય સુવિધાઓ અને વ્યૂહરચનામાં રોકાણની જરૂર છે.

## અભ્યસ ના હેતુઓ :

➢ કૃષિ ક્ષેત્ર સિંચાઈની સુવિધાઓમાં થયેલા પરિવર્તન ના પરિણામે ખાદ્ય અને બિન ખાદ્ય પાકોના ઉત્પાદનમાં થયેલા ફેરફારો જાણવા.

➢ સિંચાઈ વિસ્તાર વધવાના કારણે ખાદ્ય પાકોના ઉત્પાદનમાં કયા પાકના ઉત્પાદનમાં વધારો અને ઘટાડો જોવા મળે છે.

➢ સિંચાઈ વિસ્તાર વધવાને કારણે બિન ખાદ્યપાકો ના ઉત્પાદન કયા પાકના ઉત્પાદનમાં વધારો અને ઘટાડો નોધાયો છે તેનો અભ્યાસ કરવો.

5 સશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સશોધન પપેરમાં ગૌણ માહિતીના આધારે વર્ષ 2004- 05 થી 2019-20 સુધીમાં સિંચિત વિસ્તારમાં ખાદ્ય અને બિન ખાદ્ય પાકો માં આવેલા પરિવર્તનની માહિતીનું વિશ્લેષણ કરેલ છે.

➢ ધાન્ય પાક (food-grain crops) : સમગ્ર વિશ્વ અને ભારતમાં ખાદ્ય પદાર્થોના ઉત્પાદનમાં જે વધારો થયો છે તેમાં મુખ્ય ફાળો ઘઉં અને ડાંગરની વધુ ઉત્પત્તિ આપતી તથા બાજરી, મકાઈ, જુવારની સંકર જાતોનો છે.

➢ રોકડિયા પાક (cash-crops) : કપાસ, શેરડી અને તમાકુ અગત્યના રોકડિયા પાકો છે. કપાસ ભારતનો અને ગુજરાત રાજ્યનો એક અગત્યનો રોકડિયો પાક છે. વસ્ત્ર-ઉદ્યોગમાં તેનું ઘણું જ મહત્વ છે. ભારતમાં આશરે 80 લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર થાય છે

6 અભ્યાસ ની મર્યાદાઓ :

➢ આ અભ્યાસ માત્ર ગુજરાત રાજ્ય પુરતો મર્યાદિત છે.

➢ આ અભ્યાસમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરીને અભ્યાસ કરવામાં આવ્યો છે જેમાં વર્ષ 2004-05 થી 2019-20 સુધીના આંકડાઓનો જ અભ્યાસ કરવામાં આવ્યો છે .

➢ વર્ષ 2004-05 થી 2019-20 પછીઆગળના વર્ષો ની માહિતી ઉપલબ્ધ નો હોવા ને કારણે અભ્યાસ કરી શકાયો નથી.

➢ આ અભ્યાસ માં ખાદ્ય પાકોમાં ચોખા અને ઘઉં અને બિન ખાદ્ય પાક માં કપાસ અને શેરડી જેવા પાકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે અન્ય પાકો નો આ અભ્યાસ માં સમાવેશ કરવા માં આવ્યો નોથી.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

## માહિતી નું વિશ્લેષણ :

7.1 કૃષિ ક્ષેત્રે છેલ્લા બે દાયકામાં ગુજરાતે કરેલી પ્રગતિ:

- કૃષિ ક્ષેત્રે છેલ્લા બે દાયકામાં ગુજરાતે કરેલી પ્રગતિની માં તેલીબીયા ઉત્પાદનમાંવર્ષ 2001-02 માં 36.30 લાખ મેટ્રિક ટન હતું જે વર્ષ 2020-21માં વધીને 62.30 લાખ મેટ્રિક ટન 71%નો વધારો નોધાયો છે.
- ધાન્યો પાકના ઉત્પાદનમાં વર્ષ 2001-02 માં 48.94લાખ મેટ્રિક ટન હતું જે વર્ષ 2020-21માં વધીને 102.92 લાખ મેટ્રિક ટન 110%નો વધારો નોધાયો છે.
- રાજ્ય ની કૃષિ આવક છેલ્લા બે દાયકા માં ₹9000કરોડ થી વધીને ₹205000કરોડ થી વધી ગઈ છે. વર્ષ 2022-23 માં કૃષિ આવક ₹ 293000 કરોડ ઉપર પહોચાડવાનો રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર છે.
- એક સમયે 12.83 લાખ કપાસની ગાંસડી નું ઉત્પાદન કરતું ગુજરાત આજે 104.55 લાખ જેટલી કપાસની ગાંસડી નું ઉત્પાદન કરતું રાજ્ય બન્યું છે.
- છેલ્લા બે દાયકા જેટલા સમય થી ગુજરાતનો કૃષિ વિકાસ દર ડબલ ડિજિટ ની આસપાસ રહ્યો છે.
- વર્ષ 1994-95 માં રાજ્ય નું કૃષિ બજેટ ₹398.34 કરોડ હતુંતે વર્ષ 20022- 23 માં 19 ગના વધારા સાથે ₹3737 કરોડ નું થયું છે.
- બે દાયકા પહેલાં ગુજરાત ના ખેડૂતોને 16 ટકા ના દરે પાક ધિરાણ આપવા માં આવતું હતું જ્યારે આજે ખેડૂતોને ઝીરો ટકા ના દરે ધિરાણ આપવામાં આવે છે.
- સિંચાઇ સુવિધા વર્ષ 2001 માં 37.96 લાખ હેક્ટર ની સામે વર્ષ 2022 માં 68.29 લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા 20 વર્ષ માં 30.33 લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા માં વધારો થયો છે.
- છેલ્લા 20 વર્ષમાં ગુજરાતમાં 4 કૃષિ વિદ્યાલયો આણંદ ,નવસારી, જૂનાગઢ, અને દાતીવાડા ખાતે શરૂ કરવા માં આવ્યા છે.
- ખેડૂતોને વિવિધ કૃષિ કલ્યાણકારી યોજનાઓનો લાભ ઘર આંગણે અને આગળીના ટેરવે ઉપલબ્ધ બનવી ખેડૂત પોર્ટલ દ્વારા કુલ 61.82 લાખ ખેડૂતોને ₹ 5107.94 કરોડની સબસીડી આપવા માં આવી છે.
- ગુજરાતના ખેડૂતો દ્વારા 45લાખ મેટ્રીક ટન મગફળીનું ઉત્પાદન દેશભરમાં ગુજરાત અગ્રેસર છે અસરગ્રસ્ત પશુપાલકો ને અપાતી ₹3200ની સહાય માં વધારો કરીને ₹ 7000કરાઈ છે.

કોષ્ટક: 7.2

ગુજરાત માં ખાદ્યો અને બિન ખાદ્યો પાકો અને ચોખ્ખો સિંચિત વિસ્તાર ની માહિતી દર્શાવતું કોષ્ટક

ખાદ્યો અને બિન ખાદ્યો પાકો અને ચોખ્ખો સિંચિત વિસ્તાર ની માહિતી દર્શાવતું કોષ્ટક: 7.2


| વર્ષ | ચોખા | ઘઉં | કપાસ | શેરડી | ચોખ્ખો સિંચાઈ વિસ્તાર |
|---|---|---|---|---|---|
| 2004-05 | 1238.2 | 1805.5 | 4724.8 | 14570 | 3528 |
| 2005-06 | 1298 | 2473 | 6772 | 14580 | 3907 |
| 2006-07 | 1390 | 3000 | 8787 | 15630 | 4238 |
| 2007-08 | 1474 | 3838 | 8276 | 15190 | 4233 |
| 2008-09 | 1303 | 2593 | 7013.8 | 15510 | 4277 |
| 2009-10 | 1292 | 2352 | 7986.3 | 12400 | 4390 |
| 2010-11 | 1496.6 | 4019.5 | 10400 | 13760 | 4233 |
| 2011-12 | 1790 | 4072 | 12000 | 12750 | 4535 |

https://www.gapbhasha.org/

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2012-13 | 1541 | 2944 | 8850 | 12690 | 4233 |
| 2013-14 | 1636 | 4694 | 10150 | 12550 | 4233 |
| 2014-15 | 1830.9 | 3059 | 10500 | 14330 | 4233 |
| 2015-16 | 1702 | 2484 | 9400 | 11120 | 4705 |
| 2016-17 | 1930 | 2737 | 8575 | 11950 | 4806 |
| 2017-18 | 1890.9 | 3069 | 10187 | 12072.1 | 4839 |
| 2018-19 | 1912.1 | 2407.4 | 6279 | 11326.4 | 4870 |
| 2019-20 | 1983.1 | 3326.8 | 8617 | 11570 | 5238 |

(Source : (Handbook of Statistic on Indian Economy /on Indian States)

ખાદ્યો અને બિન ખાદ્યો પાકો અને ચોખ્ખો સિંચિત વિસ્તાર ની માહિતી દર્શાવતો આલેખ :7.2




ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં દર્શાવેલી માહિતી મુજબ જોઈ શકાય છે કે વર્ષ 2004-05 માં ચોખ્ખો સિંચાઈ વિસ્તાર પ્રમાણ 3528 હેકટર માં ખાદ્યપાક નું ઉત્પાદન જેમાં ચોખાનું ઉત્પાદન 1238.2 અને ઘઉં 1,805.5હજાર ટન જેટલું જોવા મળે છે અને બિન ખાદ્ય પાક જેમકે કપાસ નું ઉત્પાદન 4,724.8 અને શેરડી 14,570 હજાર ટન ઉત્પાદન જેટલું છે. વર્ષ 2010 -11 માં ચોખાનું ઉત્પાદન 1496.6 અને ઘઉંનું ઉત્પાદન 4019.5 હજાર ટન જેટલો વધવા પામ્યો છે. સિંચાઈ વિસ્તાર જેમ વધતો જાય છે તેમ ખાદ્ય પાકોના ઉત્પાદનમાં વધારો થતો જોવા મળે છે અને વર્ષ 2018-19 ચોખાનું ઉત્પાદન વધીને 1912.1 અને ઘઉંનું ઉત્પાદન 2407.4 હજાર ટન થી વધી ને વર્ષ 2019-20 માં ચોખા નું ઉત્પાદન 1983.1 અને ઘઉંનું ઉત્પાદન 3326.8 હજાર ટન જેટલું થવા પામ્યું છે.સિંચાઈ વિસ્તાર વધવાના પરિણામે બિન ખાદ્ય પાક ના ઉત્પાદન માં વધારો થતો જોવા મળે છે જેમકે વર્ષ 2014-15 માં શેરડી નું ઉત્પાદન 14330 હેક્ટર ટન જોવા માં આવે છે.( કપાસના ડેટા દરેક 170 કિલોની હજાર ગાંસડીમાં માપવામાં આવે છે)

https://www.gapbhasha.org/

## અભ્યાસ ના તારણો :

➢ સિંચાઈ વિસ્તાર વધવાના કારણે ખાદ્ય પાકોમાં ચોખા અને ઘઉંના ઉત્પાદન માં1238.2 અને ઘઉં 1,805.5હજાર ટનવધારો જોવા મળે છે.અને વર્ષ 2009 -10માં ચોખા નું ઉત્પાદન નું પ્રમાણ ઘટીને 1292 હાજર ટન થયું હતું છે . વર્ષ 2016-17 માં ઘઉં નું ઉત્પાદન 2737હજાર ટન ઓછું થવા પામ્યું છે.

➢ સિંચાઈ વિસ્તાર વધવાને કારણે બિન ખાદ્ય પાકો માં શેરડીનું ઉત્પાદન વર્ષ 2006-07માં 15630 હાજર ટન જેટલું સોંથી વધુ જોવા મળે છે.

➢ ખાદ્યો અને બિન ખાદ્યો પાકો ના ઉત્પાદન માં સોંથી વધુ સિંચિત વિસ્તાર ખાદ્યો પાકો માં જોવા મળે છે.

➢ સિંચાઈ વિસ્તાર વધવા છતાં બિન ખાદ્ય પાકો માં શેરડીનું ઉત્પાદન પ્રમાણ 2009 -10માં 12400 હાજર ટન અને 2019-20 માં 11570 હાજર ટન ઓછું જોવા મળે છે.

## સમાપન :

ગુજરાતમાં ડાંગર 5 લાખ હેક્ટરમાં ઉગાડાય છે અને ઉત્પાદન 15 લાખ ટન જેટલું થાય છે. ગુજરાત રાજ્યની સ્થાપનાનાં લગભગ 40 વર્ષના અંતે ઘઉં, ડાંગર, બાજરી, જુવાર અને મકાઈના ઉત્પાદનમાં અનુક્રમે 8, 7, 6, 4 અને 3ગણો વધારો થયો છે; આમ છતાં આ પાકો ઉગાડતા વિકસિત દેશોની ઉત્પાદકતા કરતાં ભારતની ઉત્પાદકતા ઘણી જ ઓછી છે, જે આધુનિક ખેતી-પદ્ધતિ અને સુધારેલ જાતો અપનાવવાથી વધારી શકાય તેમ છે. જેમ 'બાર ગાઉએ બોલી બદલાય' એવી ઉક્તિ પ્રચલિત છે, તેવી જ રીતે 'ખેતરે ખેતરે જુદી ખેતી' એવી માન્યતા પણ છે. જગતનાં તમામ સ્થળોએ એકસરખી આબોહવા હોતી નથી, એકસરખો વરસાદ હોતો નથી, એકસરખી જમીન હોતી નથી. આ કારણોસર જુદા જુદા પ્રદેશોમાં ખેતીનાં સ્વરૂપ પણ જુદાં જુદાં હોય છે. ગુજરાત કે ભારતના વિવિધ પાકોના ઉત્પાદનના આંકડા તેમજ ખેતીનો જમીનવિસ્તાર બદલાતો જાય છે, પરિણામે જે તે પાકનું ઉત્પાદન બદલાતું રહે છે.

## સંદર્ભસૂચી :

[1] Vandana K Pawar, SS Kalamkar(2020): Agriculture growth and crop diversification in Indian with focus on Gujarat Ph.D scholar (economics , sardar patel university vallabh vidhyanagar-388 120,(Gujarat) us on g Indian Journal of Economics and Development 16 (2s), 95-103,

[2] Pattnaik Itishree;Shah,Amita(2015):trends and decomposition of agricultural growth and crop output in Gujarat:recent evidence , journal article

[3] Niti mathur and s.p kashyap(2000): Agriculture in Gujarat:problems and prospects, economic and political weekly

[4] વિશ્વાસ થી વિકાસયાત્રા (ગુજરાત સરકારના વિકાસલક્ષી ઈ- બુક)

https://www.gapbhasha.org/